# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી તા. ૧૫-૧૦-૨૦૨૨

- **ભાજપ શાસનમાં દરરોજ ૫ જેટલા બળાત્કાર-દુષ્કર્મની કાળજુ કંપાવે તેવી ઘટનાઓ થાય છે તેમ છતાં ભાજપનાં ૭ મહિલા સાંસદ, ૧૦ મહિલા ધારાસભ્યો કેમ મૌન?**
- **"બેટી બચાવો, બેટી પઢાવો" અને મહિલા સશક્તિકરણનાં સૂફીયાણી નારા સાથે સત્તામાં બેઠેલી ભાજપ સરકારનાં શાસનમાં મહિલા પર અત્યાચાર-દુષ્કર્મ-હુમલાઓની ઘટનાઓ મોટા પાયે વધી**
- **માત્ર જાહેરાતોમાં રાચતી ભાજપ સરકારનાં શાસનમાં દીકરી-મહિલાઓની સુરક્ષા ભગવાન ભરોસે છે**

ભાજપ શાસનમાં દરરોજ ૫ જેટલા બળાત્કાર-દુષ્કર્મની કાળજુ કંપાવે તેવી ઘટનાઓ થાય છે તેમ છતાં ભાજપનાં ૭ મહિલા સાંસદ, ૧૦ મહિલા ધારાસભ્યો કેમ મૌન? તેવો વેધક સવાલ કરતા ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસનાં અધ્યક્ષ શ્રી જેનીબેન ઠુમ્મરએ જણાવ્યું હતું કે "બેટી બચાવો, બેટી પઢાવો" અને મહિલા સશક્તિકરણનાં સૂફીયાણી નારા સાથે સત્તામાં બેઠેલી ભાજપ સરકારનાં શાસનમાં મહિલા પર અત્યાચાર-દુષ્કર્મ-હુમલાઓની ઘટનાઓ વધી છે. ડબલ એન્જીન મહિલાઓને સુરક્ષા આપવામાં ખોટકાઈ ગયું છે.ગૌરવયાત્રા લઈને નીકળેલી ભાજપ ગુજરાતની જનતને છેતરવા-ભરમાવને બદલે ગુજરાતનાં ગૌરવને લાંછન લગાડતી બળાત્કાર-દુષ્કર્મની વારંવાર થતી ઘટનાઓને રોકે. તાલાળા તાલુકામાં ૯ વર્ષની માસૂમ દીકરીનું વધ કરવામાં આવે, સુરતમાં ૧૩ વર્ષની દિવ્યાંગ દીકરી સાથે અડપલાં થાય, રાજકોટમાં કન્યા છાત્રલય બહાર અવારનાર છેડતી થાય અને ફરિયાદ બાદ પણ તંત્ર ઊંઘતું રહે તે જ દર્શાવે છે કે માત્ર જાહેરાતોમાં રાચતી ભાજપ સરકારનાં શાસનમાં દીકરી-મહિલાઓની સુરક્ષા ભગવાન ભરોસે છે. છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાં 3796 બળાત્કાર અને 61 ગેંગરેપની ઘટના નોંધાઈ હતી. ગુજરાતના અમદાવાદમાં સૌથી વધુ 729 બળાત્કારની ઘટના અને 16 જેટલી ગેંગરેપની ઘટનાઓએ ભાજપની મહિલા સુરક્ષાની સુફીયાણી વાતોની પોલ ખોલી નાખી હતી.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં ભાજપ સરકારના શાસનમાં વધતા મહિલા અત્યાચાર અંગે ગંભિર ચિંતા વ્યક્ત કરતા અખિલ ભારતીય મહિલા કોંગ્રેસના મહામંત્રી અને ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રભારીશ્રી શોભનાબેન શાહએ જણાવ્યું હતું કે, ગુજરાત અને દેશમાં મહિલા પરના અત્યાચારની ઘટનાઓમાં મોટો વધારો થયો છે. ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ગુજરાત, દિલ્હી સહિતના રાજ્યોમાં મહિલા પરના અત્યાચારો - દુષ્કર્મોની વધતી ઘટનાઓને રોકવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ નીવડી છે. ભાજપ સરકારના શાસનમાં છેલ્લા બે વર્ષમાં દસ હજારથી વધુ મહિલાઓ ઉપર બળાત્કારની ઘટનાઓ થઈ છે. બાળ દુષ્કર્મની ઘટનાઓ, વર્ષ 2019માં 1635, વર્ષ 2020માં 1646 અને વર્ષ 2021માં 1871 અને 2022 એપ્રિલ સુધી 432 ઘટનાઓ બની હતી. અત્યાચારોને રોકવાની જગ્યાએ આવી ઘટનાઓમાં ભાજપના નેતાઓ, ધારાસભ્યો અથવા તેમના સંબંધિઓના નામ હોવાથી નમૂનારૂપ કોઈદાખલો બેસાડવામાં ભાજપ સદંતર નિષ્ફળ નિવડ્યું છે. કોંગ્રેસ પક્ષના શાસનમાં દિલ્હીમાં બનેલી દુઃખદ બળાત્કારની ઘટનામાં તાત્કાલીક મહિલાલક્ષી કાયદાઓને મજબુત બનાવવામાં આવે તેમજ 'નિર્ભયા ફંડ' જેવું અલાયદુ મોટુ ફંડ ફાળવવામાં આવ્યું. ભાજપ સરકારના શાસનમાં નિર્ભયા ફંડનું ઉપયોગ થતો હોય તેવુ જણાતું નથી. મહિલા - દિકરીઓ પર થઈ રહેલા એસીડ એટેક, ડોમેસ્ટીક વાયોલન્સ, બળાત્કાર, ગેંગરેપ, અપહરણ, છેડતી, દહેજ માટે સતામણી, સહિતના ગંભીર ગુન્હાઓ વધી રહ્યાં છે. તે દર્શાવે છે કે, ભાજપ સરકારમાં મહિલા - દિકરીઓ સુરક્ષીત નથી. તાજેતરમાં ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસમાં સુરત, રાજકોટ, જુનાગઢ સહિતના વિસ્તારોમાં મહિલાઓ સાથેના અણબનાવો સામે આવ્યાં છે. તે અત્યંત દુઃખદ છે અને ભાજપની સુરક્ષીત ગુજરાતનું વાસ્તવિક વરવુ ચિત્ર રજુ કરી રહ્યું છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા